# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29-09-2024 Morning : 7.45 to 7.55

Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

**************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમા પોતાના વિચારો રજૂ કરશે
- વિદેશમંત્રી ડૉ. એસ જયશંકરે કહ્યું કે પાકિસ્તાનની સરહદપાર આતંકવાદની નીતિ ક્યારેય સફળ નહીં થાય અને તેના નિશ્ચિત પરિણામો આવશે
- જમ્મૂ કાશ્મીરમાં ત્રીજા તબક્કા માટેની ચૂંટણીના પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થશે
- હિજબુલ્લાહના નેતા નસરલ્લાહની મોત બાદ ઇઝરાયેલી પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂની ચેતવણી
- નેપાળ અને ઉત્તરીય બિહારમાં ભારે વરસાદને પગલે બિહારની ગંડક અને કોશી નદીઓમાં પૂરની સ્થિતિ, 13 જિલ્લાઓમાં અલર્ટ
- અને ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની આગહી

.

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 114મી કડી છે.

આજે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે.

આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# PM MAHARASHTRA PROJECTS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્ર માટે 11 હજાર, 200 કરોડથી વધુની વિવિધ યોજનાઓનું વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા લોકાર્પણ અને ખાતમહૂર્ત કરશે. તેઓ એક હજાર, 810 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ જિલ્લા અદાલતથી સ્વરગેટ સુધીની પુણે મેટ્રોનું ઉદ્ઘઘાટન કરશે. ઉપરાંત પુણે મેટ્રોના બીજા તબક્કામાં સ્વરગેટ – કટરાજ એક્સ્ટેન્શન પ્રોજેક્ટનું ખાતમહૂર્ત કરશે. બે હજાર, 955 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર 5.4 કિલોમીટરનો આ મેટ્રો રુટ ભૂર્ગભમાં છે, જેના ત્રણ સ્ટેશનમાં માર્કેટયાર્ડ, પદ્માવતી અને કટરાજ સામેલ છે.

શ્રી મોદી રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ કાર્યક્રમ અંતર્ગત સાત હજાર, 855 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ બિડકિન ઔદ્યોગિક વિસ્તાર દેશને સમર્પિત કરશે. છત્રપતિ સાંભાજીનગરથી 20 કિલોમીટરના અંતરે આવેલો આ ઔદ્યોગીક વિસ્તાર, મરાઠાવાડા પ્રાંતમાં ઉજળી આર્થિક તકોનું કેન્દ્ર બનવાની સંભાવના ધરાવે છે.

પ્રધાનમંત્રી સોલાપુર એરપોર્ટનું ઉદ્ઘાટન કરશે, જેનાથી સોલાપુરના પ્રવાસીઓ, વેપારીઓ અને રોકાણકારો માટે પરિવહન સરળ બનશે. સોલાપુરમાં હાલના ટર્મિનલ બિલ્ડીંગનું વાર્ષિક આશરે 4.1 લાખ મુસાફરોને સેવા આપવા માટે નવીનીકરણ કરવામાં આવ્યું છે.

# JAISHANKAR UNGA

વિદેશમંત્રી ડૉ. એસ જયશંકરે કહ્યું છે કે પાકિસ્તાનની સરહદ પાર આતંકવાદની નીતિ ક્યારેય સફળ નહીં થાય અને તેના નિશ્ચિત પરિણામો આવશે. ન્યૂયોર્કમાં સંયુક્ત રાષ્ટ્રની મહાસભાના 79માં સત્રને સંબોધન કરતા તેમણે આ વાત કહી. ડૉ. જયશંકરે જણાવ્યું કે બંને દેશો વચ્ચે ઉકેલવા માટેના મુદ્દાઓમાં પાકિસ્તાન દ્વારા ગેરકાયેદસર ભારતીય વિસ્તારનો કબ્જો તેમજ આતંકવાદમાં તેની સંડોવણીને બંધ કરવા જેવા મુદ્દાઓ સામેલ છે.

વિદેશમંત્રીએ પાડોશી દેશની ટીકા કરતા કહ્યું કે પાકિસ્તાનના દુષ્કૃત્યોથી અન્ય પાડોશી દેશોને પણ અસર થઈ છે. તેમણે ઉમેર્યું કે પાકિસ્તાનના આર્થિક વિકાસને કટ્ટરપંથીઓની દૃષ્ટિએ માપી શકાય છે, અને તેની નિકાસને આતંકવાદના રૂપમાં માપી શકાય છે. વિદેશ મંત્રીએ કહ્યું કે વિશ્વમાં મોટા પાયે હિંસા અને યુદ્ધ જીવલેણ બની શકે છે. તેમણે યુક્રેન, ગાઝા સંઘર્ષ વિશે વાત કરતા જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સમુદાય આ વિવાદનો તાત્કાલિક ઉકેલ ઇચ્છે છે.

ડૉ. જયશંકરે ભારપૂર્વક ઉમેર્યું કે આતંકવાદએ દરેક બાબતનો વિરોધી છે, જે માટે વિશ્વના દેશોએ એક જૂથ થઈને તેને નાબૂદ કરવો રહ્યો. ડૉ. જયશંકરે બહુપક્ષીય સુધારા માટે હાંકલ કરતા કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં કોઈ પાછળ ન રહે – એ અપીલ સત્રની થીમ તરીકે પ્રકાશિત થવી જોઈએ. તેમણે ઉમેર્યું કે અસરકારક કાર્યક્ષમ અને સર્વ પ્રતિનિધિત્વ ધરાવતું સંયુક્ત રાષ્ટ્ર અનિવાર્ય છે.

# J&K - CAMPAIGN END

જમ્મૂ કાશ્મીરમાં ત્રીજા તબક્કા માટે ચૂંટણી પ્રચારના પડઘમ આજે શાંત થશે. આ તબક્કામાં 40 બેઠકો પર મતદાન મંગળવારે મતદાન થવા જઈ રહ્યું છે. 40માંથી 16 બેઠકો કાશ્મીરની જ્યારે કે 24 બેઠકો જમ્મૂની છે.

આપને જણાવી દઈએ કે જમ્મૂ કાશ્મીરમાં ત્રણ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાઈ છે. પહેલી તબક્કામાં 61 ટકા જ્યારે બીજા તબક્કામાં 56 ટકા મતદાન નોંધાયું હતું. મતગણતરી 8 ઑક્ટોબરના રોજ હાથ ધરાશે.

# NIA SEARCHES

રાષ્ટ્રીય તપાસ એજન્સી- NIA એ પ્રતિબંધિત માઓવાદી નક્સલીઓ દ્વારા ભારતીય સૈન્યના એક જવાનની હત્યાના સંદર્ભમાં છત્તીસગઢના કાકેર ક્ષેત્રમાં, ઉત્તર બસ્તર જિલ્લાના અમાબેડા વિસ્તારમાં શોધખોળ હાથ ધરી છે. ગઈકાલે યુસેલી, ગુમઝીર, બડેટેવડા, ઉમરકુમતા અને અમાબેડા ગામોમાં તપાસ અભિયાન દરમિયાન NIA ટીમ દ્વારા 11 શંકાસ્પદ લોકો સાથે સંકળાયેલા કેટલાક સ્થળોની વ્યાપક તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન એરગન, મોબાઈલ ફોન, પ્રિન્ટર, લેપટોપ, હાર્ડ ડિસ્ક, ડીવીઆર, મોટરસાઈકલ, નક્સલવાદી દસ્તાવેજો અને 66 હજાર 500 રૂપિયા રોકડા જપ્ત કરવામાં આવ્યા છે. આ કેસમાં NIAની તપાસ દરમિયાન માઓવાદી સમર્થકો અને ભૂગર્ભ કાર્યકર્તાઓ જઘન્ય અપરાધમાં સામેલ હોવાની આશંકાને આધારે તપાસ એજન્સીએ આ તપાસ અભિયાન શરૂ કર્યું છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# ISRAEL – IRAN

ઇઝરાયેલના લશ્કરી દળોએ કરેલા હુમલામાં હિઝબુલ્લાહના નેતા હસન નસરલ્લાહના મૃત્યુ બાદ, ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ઇરાનને ચેતવણી આપતા ભારપૂર્વક જણાવ્યું છે કે જેઓ ઇઝરાયેલને નિશાન બનાવશે, તેમણે પરિણામોનો સામનો કરવો પડશે. તેમણે ઉમેર્યું કે ઇરાન અથવા મધ્ય પૂર્વમાં કોઈ ઇઝરાયેલની પહોંચ બહાર નથી. શ્રી નેતન્યાહુએ કહ્યું કે, ઇઝરાયલે અસંખ્ય ઇઝરાયેલી અને અન્ય દેશોના ઘણા નાગરિકોની હત્યા માટે જવાબદાર વ્યક્તિ સાથેનો હિબાસ પતાવ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હસન નસરલ્લાહની હત્યા ઇઝરાયેલી બંધકોને પરત લાવવાના લક્ષ્યને હાંસલ કરવા માટે નિર્ણાયક હતી.

આ તરફ અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ જો બાઇડને કહ્યું છે કે નસરલ્લાહનું મૃત્યુ ઘણા પીડિતો માટે ન્યાય સમાન છે. તેમણે ઉમેર્યું કે હિઝબુલ્લાહ અને તેના નેતા નસરલ્લાહ કેટલાંક દાયકાઓમાં અમેરિકન, ઇઝરાયેલી અને લેબનીઝ નાગરિકોની હત્યા માટે જવાબદાર હતા. શ્રી બાઇડને હિજબુલ્લાહ, હમાસ અને હુતી જોખમો સામે ઇઝરાયેલના સ્વ-બચાવના અધિકારને સમર્થન આપવા માટે અમેરિકાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

# IMD-WEATHER

હવામન વિભાગે ગુજરાત સહિત દેશના કેટલાક ભાગોમાં મધ્યમથી ભારે વરસાદની  આગહી કરી છે. આજે તમિલનાડુ, કર્ણાટક, લક્ષદીપ અને કેરળમાં ભારે વરસાદની શક્યતા છે.

જ્યારે આગામી બે દિવસ ગુજરાત, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ઉપરાંત ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ, પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને દિલ્હીમાં આગામી બે દિવસમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

# BIHARHIGH ALERT

નેપાળના પર્વતીય વિસ્તાર તેમજ ઉત્તરીય બિહારમાં ભારે વરસાદને પગલે બિહારની ગંડક અને કોશી નદીઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. આ નદીઓ પરના બે સૌથી મોટા બેરેજમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડાતા નીચાણવાળા વિસ્તારો ડૂબમાં ગયા છે. જેને પગલે 13 જિલ્લાઓમાં પૂરની ચેતવણી આપવામાં આવી છે.

આફત નિવારણ વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના 20 તાલુકાઓમાં પૂરને કારણે 1.41 લાખ લોકો પ્રભાવિત થયા છે. કોશી બેરેજના તમામ 56 દરવાજા ખોલીને અંદાજે 6 લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું છે, જે 56 વર્ષમાં સૌથી વધુ છે. બીરપુરમાં પાણીના પ્રવાહને કારણે ભારત – નેપાળ હાઇવે પર આગામી સૂચના ન અપાય ત્યાં સુધી વાહન વ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. ગંડક બેરેજમાંથી અંદાજે 5.5 લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું છે. 140 ગ્રામ પંચાયત વિસ્તારોમાં પૂરની કટોકટી સર્જાઈ છે. જેમાં સુપૌલ, સહરસા, મધુબની, કટિહાર, અરરિયા, પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ અને સીતામઢી જિલ્લાનો સમાવેશ થાય છે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચારો

## રજૂ કરે છે અનિલ પટેલ

- સોમનાથમાં દબાણ દૂર કરવાની કાર્યવાહીના સમાચાર તમામ દૈનિકોએ લીધા છે
- દિવ્યભાસ્કરની હેડલાઇન છે – સોમનાથમાં દબાણનો દરિયો દૂર – શુક્રવારે વહેલી સવારે 4 વાગે શરૂ થયેલો બુલડોઝન અભિયાન શનિવારે મોડી રાત સુધી ચાલુ રહ્યું છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે - નિર્મલા સીતારમણ પર કરોડોની ખંડણીનો આરોપ, ફરિયાદ દાખલ – આ સમાચારને સંદેશ, દિવ્યભાસ્કર સહિતના અખબારોએ પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- હિજબુલ્લાહના વડા નસરલ્લાહની હત્યા –આ સમાચારને નવગુજરાત સમય, સંદેશ, ઇન્ડિયન એક્સપ્રેસ તેમજ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા અખબારે હેડલાઇનમાં પ્રકાશિત કર્યા છે.
- સંદેશના એક અહેવાલ પ્રમાણે દાયકાઓમા પ્રથમવાર એફડીએ દ્વારા સ્કિઝોફેનિયાની નવી દવાને મંજૂરી
- દૂધ સંજીવની યોજના હેઠળ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોને 1.5 ફેટને બદલે 4.5 ફેટનું દૂધ આપવામાં આવશે – આ સમાચારને તમામ અખબારોએ સ્થાનિક પાના પર સ્થાન આપ્યું છે.
- ગુજરાત સમાચારના અહેવાલ પ્રમાણે ભારતીય ક્રિકેટ બોર્ડના સેક્રેટરી તરીકે રોહન જેટલી અને અનિલ પટેલ વચ્ચે સ્પર્ધા